# CERA સેરા સેનિટરીવેર લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ: ૯, જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કડી- ૩૮૨ ૭૧૫ જિ. મહેસાણા, ઉત્તર ગુજરાત. ટેલિ : (૦૨૭૬૪) ૨૪૨૩૨૯, ૨૬૨૬૧૯, ફેક્સ : (૦૨૭૬૪) ૨૪૨૪૬૫, ઈ-મેઈલ : kadi@cera-india.com, www.cera-india.com, CIN:L26910GJ1998PLC034400

## નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીની ૧૭મી વાર્ષિક સાધારણ સભા (''એજીએમ'') કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ : ૯, જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કડી-૩૮૨૭૧૫, જિલ્લો મહેસાણા, ગુજરાત ખાતે ગુરુવાર તા. ૩૦મી જુલાઈ, ૨૦૧૫ના રોજ સવારના ૧૧.૩૦ કલાકે તા. ૨૩ એપ્રિલ, ૨૦૧૫ની નોટિસમાં જણાવ્યા પ્રમાણેના સાધારણ અને વિશેષ કામકાજ કરવા મળશે.

કંપનીઝ ધારા ૨૦૧૩ની કલમ ૧૦૧ અને ૧૩૬ ને કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ ૨૦૧૪ (''એક્ટ એન્ડ રૂલ્સ'')ના નિયમ ૧૮ સાથે વાંચતા એજીએમ વખતે કરવાના કામકાજ દર્શાવતી નોટિસ તેમજ કંપની ધારા ૨૦૧૩ની કલમ ૧૦૨ અન્વયે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટેના કંપનીના વાર્ષિક અહેવાલ જેમના ઈ-મેઈલ આઈડી ડિપોઝિટરીઝ અથવા કંપની સાથે નોંધાયેલા છે તેવા શેરધારકોને તેમના ઈ-મેઈલ આઈડી પર મોકલી દીધેલ છે અને અન્યને છાપેલ નકલો તા. ૨૯મી જૂન, ૨૦૧૫ના રોજ રવાના કરી દેવામાં આવી છે.

વાર્ષિક અહેવાલ એજીએમની નોટિસ સહિત કંપનીની વેબસાઈટ www.cera-india.com અને સીડીએસએલની વેબસાઈટ www.cdslindia.com પર ઉપલબ્ધ છે. જે શેરધારકો વાર્ષિક અહેવાલની મુદ્રિત નકલો મેળવવા ઈચ્છતા હોય તેઓ ceragreen@cera-india.com પર કંપનીને ઈ-મેઈલથી વિનંતી કરી શકે છે.

કંપનીએ કાયદો અને નિયમો તથા લિસ્ટિંગ એગ્રીમેન્ટના ક્લોઝ ૩૫ બી અનુસાર શેરધારકોને રીમોટ ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડેલ છે. કંપનીએ સીડીએસએલને ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવા અધિકૃત એજન્સી તરીકે નિયુક્ત કરેલ છે.

કાયદા અને નિયમો અનુસાર જરૂરી વિગતો નીચે પ્રમાણે છે :

ઈલેક્ટ્રોનિક વોટિંગ દ્વારા મત આપવાની પાત્રતા નક્કી કરવાની કટ ઓફ ડેટ તા. ૨૩ જુલાઈ, ૨૦૧૫ છે. બધા જ શેરધારકો માટે શેર હોલ્ડિંગ ભૌતિક અથવા ડીમટીરિયલાઈઝ સ્વરૂપે હોય તેઓ માટે ઈ-વોટિંગ ૨૭ જુલાઈ, ૨૦૧૫ના સવારના ૧૦.૦૦ કલાકે શરૂ થઈને ૨૯ જુલાઈ, ૨૦૧૫ના સાંજના ૫.૦૦ કલાકે પૂરું થશે એટલે કે ત્રણ (૩) દિવસ સુધી ચાલુ રહેશે. ત્યારબાદ સીડીએસએલ દ્વારા ઈ-વોટિંગ મોડ્યુલ બંધ કરાશે. આપેલ તારીખ અને સમય બાદ રીમોટ ઈ-વોટિંગ કરવા દેવામાં આવશે નહિ.

જે સભ્યોએ તેમના મત રીમોટ ઈ-વોટિંગ દ્વારા ન આપ્યા હોય તેઓ એજીએમ ખાતે મતદાનનો અધિકાર વાપરી શકશે. કંપની આ સંબંધે બેલોટ પેપરની વ્યવસ્થા એજીએમના સ્થળે કરશે.

રીમોટ ઈ-વોટિંગ મારફત મત આપવાનો અધિકાર વાપર્યા બાદ પણ સભ્ય મિટિંગમાં ભાગ લઈ શકશે પણ મતદાન કરી શકશે નહિ.

સભ્યોના રજિસ્ટરમાં જેમનાં નામ નોંધાયેલા છે તેવી વ્યક્તિ અથવા ડિપોઝિટરીઝ દ્વારા લાભાર્થી માલિકોના રજિસ્ટરમાં કટ ઓફ તારીખે નોંધાયેલ હોય તેઓ રીમોટ ઈ-વોટિંગ સુવિધા તેમજ બેલોટ પેપર દ્વારા મિટિંગ વખતે મતદાન સુવિધા મેળવવા હકદાર ગણાશે. જે વ્યક્તિ નોટિસ રવાના થયા બાદ શેર મેળવશે અને કંપનીનો શેરધારક બનશે અને કટ ઓફ તારીખે શેર ધરાવતો હશે તે રીમોટ ઈ-વોટિંગ, લોગઈન આઈડી અને પાસવર્ડ nk_acharya@cera-india.com ને ફોલિઓ નંબર / DP ID તથા ક્લાયન્ટ ID નંબર લખીને ઈ-મેઈલ મોકલીને મેળવીને કરી શકશે. આવો શેરધારક જો રીમોટ ઈ-વોટિંગ માટે સીડીએસએલ સાથે નોંધાયેલ હશે તો મત આપવા માટે તેનો હયાત યુઝર આઈડી અને પાસવર્ડ વાપરી શકશે.

કંપનીએ ન્યાયી અને પારદર્શક રીતે ઈ-વોટિંગ પ્રક્રિયા થાય તે માટે શ્રી ઉમેશ પરીખ, પાર્ટનર, પરીખ દવે એન્ડ એસોસિએટ્સ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરી (મેમ્બરશિપ નં. એફસીએસ ૪૧૫૨) ની સ્ક્રુટીનાઈઝર તરીકે નિમણૂક કરેલ છે.

વધુમાં સૂચિત કરવામાં આવે છે કે કંપનીઝ એક્ટ ૨૦૧૩ની કલમ ૯૧ (નિયમો સહિત) અન્વયે સભ્યોનું પત્રક અને શેર ટ્રાન્સફર બુક ૧૮ જુલાઈ ૨૦૧૫થી ૨૪ જુલાઈ ૨૦૧૫ (બંને દિવસો સહિત) કંપનીની એજીએમ માટે તેમજ એજીએમમાં મંજૂર થાય તો વર્ષ ૨૦૧૪-૧૫ના ડિવિડન્ડ મેળવવા, શેરધારકોનો રાઈટ નક્કીકરવા માટે બંધ રહેશે.

ઈ-વોટિંગ વિશે આપને કોઈ પ્રશ્ન કે સમસ્યા હોય તો ફ્રિક્વન્ટલી આસ્કડ ક્વેશ્ચન્સ ("FAQs") અને વેબસાઈટ www.evotingindia.com ના હેલ્પ સેક્શન પર ઉપલબ્ધ ઈ-વોટિંગ મેન્યુઅલ જોઈ જવા અથવા helpdesk.evoting@cdslindia.com પર ઈ-મેઈલ મોકલો. ઈલેક્ટ્રોનિક રીતે મતદાન સહિત વાર્ષિક સાધારણ સભા બાબતે જો કોઈ પ્રશ્ન કે ફરિયાદ હોય તે શ્રી નરેન્દ્ર એન. પટેલ, કંપની સેક્રેટરી, સેરા સેનિટરીવેર લિમિટેડ, ''મધુસૂદન હાઉસ'', નવરંગપુરા, ટેલિફોન એક્સચેન્જ સામે, અમદાવાદ-૩૮૦૦૦૬ ને લખો અથવા nk_acharya@cera-india.com/nnpatel@cera-india.com ને ઈ-મેઈલ કરો અથવા ફોન નં. ૦૭૯-૨૬૪૪૯૭૮૧ પર સંપર્ક કરો.

**તારીખ : ૩૦-૦૬-૨૦૧૫**
**સ્થળ : કડી**

**સેરા સેનિટરીવેર લિમિટેડ વતી**
**નરેન્દ્ર એન. પટેલ, કંપની સેક્રેટરી**

**Size : 15(H) x 12(W)**